વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આશ્રમશાળાઓમાં ફરજ બજાવતી મહિલા કર્મચારી, શિક્ષિકાઓ તથા સ્ત્રી વિદ્યાસહાયકોને ૧૮૦ દિવસની પ્રસૂતિ રજાનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અસમ/૧૩૨૦૧૭/૪૩૯૫૭૫/અ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૮/૨૦૧૭

<u>વંચાણે લીધો:-</u> સા. ન્યા. અને અધિ. વિભાગનો સરખા ક્રમાંક નો તા.૩૧/૦૭/૨૦૧૭નો ઠરાવ.

<u>:ઠરાવ:</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ તા.૩૧/૦૭/૨૦૧૭ના સરખા ક્રમાંકના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આશ્રમશાળાઓમાં ફરજ બજાવતી બિનશૈક્ષણિક મહિલા કર્મચારીઓ, શિક્ષિકાઓ તથા સ્ત્રી વિદ્યાસહાયકોને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ-૬૯ની જોગવાઇ મુજબ ૧૮૦ દિવસની પ્રસૂતિ રજાનો લાભ આપવાનું ઠરાવવામાં આવેલ છે. આ અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે કે ઉકત તા.૩૧/૦૭/૨૦૧૭ના ઠરાવનો લાભ ફકત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ ભરતી પ્રક્રીયાને અનુસરીને નિયમિત નિમણૂંક મેળવીને ફરજ બજાવતી બિનશૈક્ષણિક મહિલા કર્મચારીઓ, શિક્ષિકાઓ તથા સ્ત્રી વિદ્યાસહાયકોનેજ મળવાપાત્ર રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

-માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.સંસદીય સચિવશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
-પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
-સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.(નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
-સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.)(નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
-નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
-સેકશન અધિકારીશ્રી, નાણાં વિભાગ, પી-શાખા, સચિવાલય, ગાંધીનગર.
-સેકશન અધિકારીશ્રી, અ.૧/જ-શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-ના.સે.અ.શ્રીની સિલેકટ ફાઇલ
-શાખા સિલેકટ ફાઇલ